# ચેરમેનનો સંદેશ



કીર્તિ શાહ

પ્રિય ખાતાધારકો,

કપોળ બેન્કના મલ્ટી- સ્ટેટ અર્બન કો-ઓપરેટીવ બેન્ક કોસ્મોસ બેન્ક સાથેના પ્રસ્તાવિત મર્જરની શક્યતા નથી અને બેન્કના અન્ય સંભવિત ખરીદદાર સાથેની વાટાઘાટો ચાલી રહી છે ત્યારે વચગાળાની રાહતના પગલાં તરીકે ડિરેક્ટર બોર્ડે તેના તમામ ડીપોઝીટર્સને ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (ડીઆઇસીજીસી) એક્ટની જોગવાઈ હેઠળ પાંચ લાખ રૂપિયા સુધીના નાણાં અપાવવાની પ્રક્રિયા શરૂ કરી છે.

સરકારે ડીઆઈસીજીસી Amendment એક્ટને ૧ સપ્ટેમ્બરે નોટીફાય કર્યો તે પછી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા અંકુશો જેના ઉપર મુકવામાં આવ્યા છે તેવી નાણાકીય તાણ હેઠળની PMC બેન્ક અને કપોળ બેન્ક સહિત ૨૩ બેન્કોના ડીપોઝીટર્સને ૩૦ નવેમ્બર સુધીમાં તેમના નાણાં પરત મળવાનો માર્ગ મોકળો થયો છે.

કપોળ બેન્કના ડીપોઝીટર્સને તેમના નાણાં મળી જશે તેવા સોશિયલ મીડિયા ઉપર ફરી રહેલા સંદેશાઓનું સમર્થન કરતા ડીપોઝીટર્સે બેન્કને એક કેવાયસી ફોર્મ ભરીને આપવાનું રહેશે. બેન્કે તેની તમામ શાખા મારફત આ ફોર્મનું વિતરણ શરૂ કર્યું છે.

ડિપોઝીટર્સને રાહત એ મળશે કે બે વ્યક્તિની સંયુક્ત નામની ડીપોઝીટમાં પહેલો અને બીજો ક્રમ બીજી ડીપોઝીટમાં ઉલટાવાયો હોય તો તે બે ડિપોઝીટ ગણાશે અને બન્ને ડીપોઝીટના નાણાં મળશે. બેન્ક ઉપર તેના કુલ ૬૪,૬૪૫ નાનામોટા એકાઉન્ટ હોલ્ડર્સને રૂા. ૩૯૨.૧૫ કરોડ ચૂકવવાની જવાબદારી છે. તેમાંથી પાંચ લાખ રૂપિયા સુધીની કુલ ૬૩,૦૯૬ ડિપોઝીટ (કરન્ટ, સેવિંગ્સ અને ફિક્સ્ડ ડિપોઝીટ) ધારકોને તેમના રોકાણની રૂા. ૨૦૦.૭૩ કરોડની રકમ પુરેપુરી મળી જશે. બાકીના ૧૫૪૯ એકાઉન્ટધારકોની ડિપોઝીટ પાંચ લાખ રૂપિયાથી વધુની છે. આમાં પણ પાંચ લાખ રૂપિયા સુધીની રકમ આ જ રીતે મળશે. અન્ય જે ૩૯૨ કરોડની કુલ રકમમાંથી અંદાજે ૨૭૭ કરોડ જેટલી રકમ મળશે. પાંચ લાખથી વધારે રકમના ડીપોઝીટર્સ સાથેની મીટિંગ મળ્યા હતા ત્યારે ડીપોઝીટર્સે હેરકટ લેવા તૈયારી દર્શાવી હતી.

આવા ડીપોઝીટહોલ્ડર્સને પણ નિરાશ નહીં થવાની સલાહ આપતા કહ્યું કે, તેમને પણ ઓછામાં ઓછા પાંચ લાખ તો મળશે. તેથી વધુ રકમની ડીપોઝીટમાંથી કેટલા નાણાં પરત મળશે તેનો આધાર સંભવિત રોકાણકારો સાથેની શરતો છે. Majority of દસ લાખ રૂપિયાથી મોટી ડિપોઝીટ ધરાવનારાઓએ મૂળ રકમથી ઓછી રકમ સ્વીકારવા માટેની મંજૂરી બોર્ડને આપી છે.

દરમ્યાન, આરબીઆઈ દ્વારા બેન્કના ડિરેક્ટર બોર્ડને આપવામાં આવેલી ૩૧ ઓક્ટોબર સુધીની મુદત લંબાવી આપશે તે માટે બોર્ડ આશાવાદી છે. વધુ મુદત મળશે તો પણ ડીપોઝીટર્સને તેમના નાણાં ૩૦ નવેમ્બર સુધીમાં પરત મળી જશે.

।।शतफलाय सहकारिता।।

આપના વિશ્વાસુ

કીર્તિ શાહ - અધ્યક્ષ